GJDH030002922024

રજુ તારીખ : ૦૩/૦૨/૨૦૨૪
દાખલ તારીખ : ૦૩/૦૨/૨૦૨૪
જજમેન્ટ તારીખ: ૦૮/૦૫/૨૦૨૬
અવધિ : વર્ષ-માસ-દિન
૦૨-૦૩- ૦૫

નામદાર સુપ્રીમ કોર્ટના **SUO MOTO WRIT(CRL) NO.(S)** 1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર **VI** ના 179-**A** અન્વયેના નોટીફીકેશન નં.સી-૨૦૦૧-૯૩, તારીખ : ૨૦-૦૫-૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

**FORM-A**

---

**દેવગઢ બારીઆના મહેરબાન એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. દેવગઢ બારીઆ, જિલ્લો - દાહોદ.**

---

શ્રી એસ. ઓ.ગર્ગ, એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, દેવગઢ બારીઆ.
ચુકાદાની તારીખ - **૦૮/૦૫/૨૦૨૬**
ક્રીમીનલ કેસ નંબર: ૨૨૮/૨૦૨૪
આંક-

| એફઆઈઆરની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન | દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન. |
| ગુનો | જુગારધારાની કલમ- ૪,૫ |
| તોહમતનામાં મુજબ તોહમત | જુગારધારાની કલમ- ૪,૫ |
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિદ્વાન એ પી પી શ્રી | એસ. એમ. ડામોર |
| આરોપી | (૧) દિનેશકુમાર શંભુપુરી ગોસ્વામી,<br>રહે. કંજુબીહાર સોસાયટી, દેવગઢ બારીઆ, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ.<br>(૨) શિવગીરી નંદગીરી ગોસ્વામી,<br>રહે. દેવગઢ બારીઆ, ગુરૂકૃપા સોસાયટી, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ.<br>(૩) જયંતીલાલ ભિખચંદ અગ્રવાલ,<br>રહે. પીપલોદ, દાહોદ રોડ, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ.<br>(૪) અનિલકુમાર સુરેશભાઇ નાથાણી, |

| | |
|---|---|
| | રહે. કુંજબીહારી સોસાયટી, દેવગઢ બારીઆ, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ.<br>(૫) મીરલ સંદીપકુમાર શાહ,<br>રહે. દેવગઢ બારીઆ, ટાવર શેરી, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ.<br>(૬) અશોકભાઇ શંકરભાઇ ભારતી,<br>રહે. દેવગઢ બારીઆ, સુથારવાડા પટેલ ડેરીની બાજુમાં, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ.<br>(૭) પ્રમોદકુમાર માંગીલાલ જૈન,<br>રહે. દેવગઢ બારીઆ, સંચાગલી, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ.<br>(૮) ફતેલાલ માંગીલાલ જૈન,<br>રહે. દેવગઢ બારીઆ, સંચાગલી, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ. |
| આરોપીઓ તરફે વિદ્ધાન વકીલ શ્રી | જી. એમ. ઝાલા |

## FORM–B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૬/૦૯/૨૦૨૩. |
| ફરિયાદની તારીખ | ૦૬/૦૯/૨૦૨૩. |
| ચાર્જશીટની તારીખ | ૦૩/૦૨/૨૦૨૪. |
| તહોમત ફરમાવ્યા/પ્લીની તારીખ | ૨૨/૦૨/૨૦૨૪. |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૨/૦૨/૨૦૨૪. |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | ૦૮/૦૫/૨૦૨૬. |
| ચુકાદા તારીખ | ૦૮/૦૫/૨૦૨૬. |
| સજાના હુકમની તારીખ જો હોય તો | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા હોય છે કે કસૂરવાર? | શું સજા કરી | ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ: ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તારીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દિનેશકુમાર શંભુપુરી ગોસ્વામી | ૦૬/૦૯/૨૦૨૩ | ૦૬/૦૯/૨૦૨૩ | જુગારધારાની કલમ-૪, ૫ | આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |
| ૨. | શિવગીરી નંદગીરી ગોસ્વામી. | ૦૬/૦૯/૨૦૨૩ | ૦૬/૦૯/૨૦૨૩ | જુગારધારાની કલમ-૪, ૫ | આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |
| ૩. | જયંતીલાલ ભિખચંદ અગ્રવાલ. | ૦૬/૦૯/૨૦૨૩ | ૦૬/૦૯/૨૦૨૩ | જુગારધારાની કલમ-૪, ૫ | આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |
| ૪. | અનિલ કુમાર સુરેશભાઇ નાથાણી. | ૦૬/૦૯/૨૦૨૩ | ૦૬/૦૯/૨૦૨૩ | જુગારધારાની કલમ-૪, ૫ | આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો. | | |
| ૫. | મીરલ સંદીપકુમાર શાહ. | ૦૬/૦૯/૨૦૨૩ | ૦૬/૦૯/૨૦૨૩ | જુગારધારાની કલમ–૪, ૫ | આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |
| ૬. | અશોકભાઇ શંકરભાઇ ભારતી. | ૦૬/૦૯/૨૦૨૩ | ૦૬/૦૯/૨૦૨૩ | જુગારધારાની કલમ–૪, ૫ | આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |
| ૭. | પ્રમોદકુમાર માંગીલાલ જૈન. | ૦૬/૦૯/૨૦૨૩ | ૦૬/૦૯/૨૦૨૩ | જુગારધારાની કલમ–૪, ૫ | આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |
| ૮. | ફતેલાલ માંગીલાલ જૈન. | ૦૬/૦૯/૨૦૨૩ | ૦૬/૦૯/૨૦૨૩ | જુગારધારાની કલમ–૪, ૫ | આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |

# FORM-C

ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ.

ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો

(અ) ફરિયાદ પક્ષ તરફે

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચસાહેદ – મનીષકુમાર હરીલાલ નીનામાની જુબાની | ૧૪ |
| ૨ | પંચસાહેદ – હિતેશભાઇ દીલીપભાઇ નાયકની જુબાની | ૧૯ |
| ૩ | ફરિયાદી – મુકેશકુમાર ઉદેસીંગ પટેલની જુબાની | ૪૧ |
| ૪ | સાહેદ – સુભાષભાઇ ધુળાભાઇની જુબાની | ૪૭ |
| ૫ | સાહેદ – રાકેશભાઇ થાવરાભાઇની જુબાની | ૪૮ |
| ૬ | સાહેદ – પ્રકાશભાઇ વરસીંગભાઇ સંગાડાની જુબાની | ૫૧ |
| ૭ | સાહેદ – પ્રવિણભાઇ ગોવિંદભાઇ દેસાઇની જુબાની | ૫૨ |
| ૮ | ત.ક.અ. – ચીરાગભાઇ રણછોડભાઇ દેસાઇની જુબાની | ૫૪ |

(બી) બચાવ પક્ષે જો સાહેદ હોય તો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ તરફે સાહેદ.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવો

| અ.નં | | આંક |
|---|---|---|
| ૧ | મુદ્દામાલ રીકવરી પંચનામુ | ૧૫ |
| ૨ | ફરિયાદ | ૪૨ |
| ૩ | જુગારધારાની કલમ–૬ મુજબનું વોરંટ | ૫૫ |

<u>બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા.</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>મુદ્દામાલની વિગત</u>

| અ.નં. | વિગત |
|---|---|
| ૧ | મુદ્દામાલ પાવતી નં. ૧૦૮/૨૦૨૩ માં જણાવ્યા મુજબ |

<u>–:જજમેન્ટ :–</u>

**1.** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૦૫/૦૯/૨૦૨૩ ના કલાક ૨૩:૧૫ થી તા. ૦૬/૦૯/૨૦૨૩ ના કલાક ૨:૩૦ સુધી મોજે દેવગઢ બારીઆ ગામે કાપડી વિસ્તારમાં આ કામના આરોપીઓએ અન્ય આરોપીઓ સાથે ગંજી પત્તા પાના વડે પૈસાનો હાર જીતનો જુગાર રમી રમાડતાં પકડાયેલ અને આરોપીઓની અંગ ઝડતી કરતાં તેઓ પાસેથી ભારતીય બનાવટની ચલમી નોટોના કુલ રૂ. ૭૪,૨૦૦/– તથા દાવ પરથી મળી આવેલ ભારતીય બનાવટની ચલણી નોટો કિંમત રૂ. ૨૭,૫૦૦/– મળી કુલ કિંમત રૂ. ૧,૦૧,૭૦૦/– તથા આરોપીઓ પાસેતી મળી આવેલ મોબાઇલ ફોન નંગ–૭ કિંમત રૂ. ૧,૦૩,૦૦૦/– તથા ફોર વ્હીલ ગાડી નંગ–૧ કિંમત રૂ. ૫,૦૦,૦૦૦/– તથા મોટર સાયકલ નંગ–૪ કિંમત રૂ. ૪૦,૦૦૦/– તથા પત્તા પાના નંગ–૧૦૪ કિંમત રૂ. ૦૦/– તથા મકાનનું લાઇટબીલ કિંમત રૂ. ૦૦/– મળી કુલ કિંમત રૂ. ૭,૪૪,૭૦૦/– ના મુદ્દામાલ સાથે આ કામના આરોપીઓ પકડાઇ જઇ તથા અન્ય આરોપીઓ નાસી જઇ ગુનો કરેલ છે. જેથી આ બાબતની ફરિયાદ આ કામના ફરિયાદીએ દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ છે.

**2.** ફરિયાદીની સદર ફરિયાદ દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશને પાર્ટ બી ગુના રજીસ્ટર નંબર ૧૧૮૨૧૦૦૫૨૩૦૫૨૬/૨૦૨૩ થી નોંધી તેની તપાસ હાલના તપાસ કરનાર અમલદારશ્રીને આપતાં તેઓએ તપાસના કામે ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ તથા મુદ્દામાલ રીકવરી પંચનામુ મેળવી જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપીની વિરૂધ્ધ

ફરિયાદવાળી ગુન્હાના કામે પુરતા પુરાવા પડતાં હોય તે બદલનું જુગારધારાની કલમ-૪, ૫ મુજબની ચાર્જશીટ ફાઇલ કરતાં હાલના કામની ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટેના સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેઓના વિ. વકીલશ્રી સાથે અદાલત રૂબરૂ ઉપસ્થિત થતાં ક્રિ. પ્રો. કોડની કલમ ૨૦૭ મુજબ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપવા બદલની ખાત્રી કર્યા બાદ આરોપીની સામે ક્રિ. પ્રો. કોડમાં કરવામાં આવેલી જોગવાઇ મુજબ સદર કેસ વોરંટ ટ્રાયેબલની રીતે ચલાવી આરોપીની સામે ક્રિ.પ્રો. કોડની કલમ મુજબ આંક-૦૪ થી આંક-૧૧ સુધી આરોપીનું સ્ટેટમેન્ટ રેકર્ડ કરતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઇન્કાર કરતાં આરોપી સામેનું તહોમત પુરવાર કરવા ફરિયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**3.** ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાની જાહેરાત કરતાં આ કામે રેકર્ડ ઉપર પુરાવો ધ્યાને રાખતાં આરોપીનું ક્રિ.પ્રો. કોડની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે અને જણાવેલ છે કે તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે. તેઓ નિર્દોષ છે અને છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**4.** ત્યારબાદ વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી દ્ધારા ખુબ જ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**5.** સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે

**-: મુદ્દા :-**

**5.1.** શું ફરિયાદ પક્ષ એ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા. ૦૫/૦૯/૨૦૨૩ ના કલાક ૨૩:૧૫ થી તા. ૦૬/૦૯/૨૦૨૩ ના કલાક ૨:૩૦ સુધી મોજે દેવગઢ બારીઆ ગામે કાપડી વિસ્તારમાં આ કામના આરોપીઓએ અન્ય આરોપીઓ સાથે ગંજી પત્તા પાના વડે પૈસાનો હાર જીતનો જુગાર રમી રમાડતાં પકડાયેલ અને આરોપીઓની અંગ ઝડતી કરતાં તેઓ પાસેથી ભારતીય બનાવટની ચલમી નોટોના કુલ રૂ. ૭૪,૨૦૦/- તથા દાવ પરથી મળી આવેલ ભારતીય બનાવટની ચલણી નોટો કિંમત રૂ. ૨૭,૫૦૦/- મળી કુલ કિંમત રૂ. ૧,૦૧,૭૦૦/- તથા આરોપીઓ

પાસેતી મળી આવેલ મોબાઈલ ફોન નંગ–૭ કિંમત રૂ. ૧,૦૩,૦૦૦/– તથા ફોર વ્હીલ ગાડી નંગ–૧ કિંમત રૂ. ૫,૦૦,૦૦૦/– તથા મોટર સાયકલ નંગ–૪ કિંમત રૂ. ૪૦,૦૦૦/– તથા પત્તા પાના નંગ–૧૦૪ કિંમત રૂ. ૦૦/– તથા મકાનનું લાઇટબીલ કિંમત રૂ. ૦૦/– મળી કુલ કિંમત રૂ. ૭,૪૪,૭૦૦/– ના મુદ્દામાલ સાથે આ કામના આરોપીઓ પકડાઇ જઇ તથા અન્ય આરોપીઓ નાસી જઇ જુગારધારાની કલમ–૪, ૫ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે?

**5.2.** શું અંતિમ હુકમ ?

**6.** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**6.1.** નકારમાં,

**6.2.** આખરી હુકમ મુજબ

**<u>–: નિર્ણયો માટેના કારણો :–</u>**

**7.** મુદ્દા નં. ૧ વિશે ચર્ચા **:–**

**7.1.** આ કામે વર્તમાન આરોપીઓ વિરૂધ્ધ ફોજદાર કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિંઃશંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનુ રહે છે. વધુમાં ફરિયાદ પક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે.

**<u>–: ફરિયાદ પક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન :–</u>**

**7.2.** આ કામે ફરિયાદ પક્ષે આરોપીની સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવા માટે આ કામના ફરિયાદી મુકેશકુમાર ઉદેસીંગ પટેલનાઓનેનાઓને આંક–૪૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે ગઈ તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ હુ તથા અ.હે.કો. રણજીતભાઈ ફતેભાઈ, અ.હે.કો. સુભાષભાઈ ધુળાભાઈ, અ.હે.કો. રાકેશભાઈ થાવરાભાઈ, પો.કો. પ્રકાશભાઈ વજેસીંગભાઈ, અ.પો.કો. પ્રવિણભાઈ ગોવિદભાઈ એ રીતેના દેવગઢ બારીઆ ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન અમોને બાતમીદાર ધ્વારા બાતમી મળેલ કે દેવગઢ બારીઆ સંચાગલી ખાતે આવેલ કોમ્લેક્ષમાં રહેતા ફતેલાલ માંગીલાલ જૈન તથા કેટલાક ઈસમો બોલાવીને મકાનમાં ગંજી પત્તા પાના વડે પૈસાના

હારજીતનો જુગાર રમી રામાડે છે. જે બાતમીના આધારે સાથેના પી.એસ.આઈ. શ્રી સી.આર. દેસાઈ નાઓએ મદદનીશ પોલીસ અધિક્ષકશ્રીની કચેરી લીમખેડા તરફથી જુગાર ધારા કલમ – ૬ મુજબનુ વોરંટ મેળવી તથા બે પંચ માણસો જેમાં (૧) મનીષકુમાર હરીભાઈ નીનામા, રહે. રાણીવાવ (૨) હીતેશભાઈ દિલીપભાઈ નાયક, રહે. મોટીખજુરી નાઓને હકીકતથી વાકેફ કરી વોરંટ ઉપર પંચોની સહી મેળવી પોલીસ સ્ટાફના માણસો તથા પંચોની અરસ પરસ જડતી કરી દેવગઢ બારીઆ પો.સ્ટે.થી સ ેકન્ડ મોબાઈલ વેનની જડતી કરી તેમાં અમો ઉપરોકત પોલીસના માણસો તથા પંચ માણસો તથા પી.એસ.આઈ. શ્રી સી.આર.દેસાઈનાઓ બાતમીવાળા ઈસમના ઘરે જવા નીકળેલા અને બાતમીવાળી જગ્યાએ જતાં અમારા વાહનને સાઈડમાં રાખી કોમ્પ્લેક્ષમાં પગથીયા વાટે ઉપર જતા ત્રીજા માળે ડાબી બાજુ દક્ષિણ દિશામાં દરવાજાવાળો રૂમ આવેલ હોય જે રૂમનો દરવાજો બંધ હોય અને અંદર લાઈટ ચાલુ હોય જે દરવાજાથી અવાજ સાંભળતાં અંદર માણસોના ગણગણાટનો અવાજ આવતો જણાતા દરવાજો ખખડાવી તેને ખોલી પ્રવેશ કરતાં લાઈટના અજવાળે કેટલાક ઈસમો ગોળ કુંડાળુ વાળી તેઓના હાથમાં પત્તા પાના તથા તેઓની વચ્ચે ભારતીય બનાવટની ચલણી નોટો મુકેલ હોય તેઓને જે તે સ્થીતિમાં બેસી રહેવા જણાવેલ અને સદર મકાન માલીકનુ નામ ઠામ પુછતાં એક ઈસમે પોતાનુ નામ ફતેલાલ માંગીલાલ જૈન હોવાનુ પંચોની હાજરીમાં જણાવેલ તથા સદર મકાન તેની માલીકીનુ છે તેવુ જણાવેલુ. સદર ઈસમને મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી લીમખેડા નાઓ દ્વારા જારી કરવામાં આવેલ જુગાર ધારા કલમ ૬ મુજબનુ જડતી વોરંટ બજાવી ગુજરાતી ભાષામાં સમજાવી મજકુર ઈસમની વોરંટ ઉપર સહી મેળવી તથા તેઓએ ત્યાં બેઠેલ ઈસમોને જુગાર રમવા સારૂ બોલાવેલ હોય તેવુ જણાવતા હોય જેથી પંચો રૂબરૂ ઈસમોએ પોતાના નામ નીચે મુજબ જણાવેલ. જેમાં (૧) ફતેલાલ માંગીલાલ જૈન, ઉ.વ. ૪૬, રહે. દેવગઢ બારીઆ, સંચાગલી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત

રૂ. ૮,૦૦૦/– તથા એક મોબાઈલ ફોન કિંમત રૂા.૧૦,૦૦૦/– જે તપાસના કામે કબજે લીધેલ. (૨) પ્રમોદકુમાર માંગીલાલ જૈન, ઉ.વ. ૭૨, રહે. દેવગઢ બારીઆ, સંચાગલી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૭,૫૦૦/– તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/– જે તપાસના કામે કબજે લીધેલ. (૩) અનીલકુમાર સુરેશભાઈ નાથાણી, ઉ.વ. ૨૭, રહે. દેવગઢ બારીઆ , કુંજબીહારી સોસાયટી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ.૧૧,૩૦૦/– તથા એક મોબાઈલ ફોન કિંમત રૂા.૫૦,૦૦૦/– જે તપાસના કામે કબજે લીધેલ. (૪) શીવગીરી નંદગીરી ગોસ્વામી, ઉ.વ. ૪૫, રહે. દેવગઢ બારીઆ, ગુરુકૃપા સોસાયટી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૮,૮૦૦/– તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/– જે તપાસના કામે કબજે લીધેલ. (૫) અશોકભાઈ શંકરભાઈ ભારતી , ઉ.વ. ૨૭, રહે. દેવગઢ બારીઆ, સુથારવાડા, પટેલ ડેરીની બાજુમાં અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૯,૬૦૦/– તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/– જે તપાસના કામે કબજે લીધેલ.(૬) મીરલ સંદિપકુમાર શાહ, ઉ.વ. ૨૬, રહે. દેવગઢ બારીઆ, ટાવર શેરી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૯,૮૦૦/– તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/– જે તપાસના કામે કબજે લીધેલ. (૭) દિનેશકુમાર શંભુગીરી ગોસ્વામી , ઉ.વ. ૪૦, રહે. દેવગઢ બારીઆ, કુંજબીહારી સોસચટી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૮,૩૦૦/–જે તપાસના કામે કબજે લીધેલ. (૮) જયંતિલાલ ભીખચંદ અગ્રવાલ ઉ.વ. ૬૩, રહે. પીપલોદ, દાહોદ રોડ અને તેની અંગ જડતી

કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ.૧૦,૯૦૦/– જે તપાસના કામે કબજે લીધેલ. ઉપરોકત તમામ આરોપીઓ ગોળ કુંડાળુ વળી રમતા હતા તેઓની વચ્ચેથી છુટી છવાઈ અલગ અલગ દરની ભારતીય બનાવટની ચલણી નોટો કુલ કિંમત રૂ. ૨૭, ૫૦૦/– તથા ગંજીપાના ૧૦૪ કિંમત રૂ.૦૦/– ને તપાસના કામે કબજે લેવામાં આવેલ તથા સદર કોમ્પ્લેક્ષના નીચે એક મારૂતી સુઝુકી કંપનીની બલેનો ગાડી નં. જી.જે.૨૦.એ.કયુ. ૭૫૮૨ , કિંમત રૂા.૫,૦૦,૦૦૦/– તથા એક જાવા મો.સા. નં. જી.જે.૨૦.બી.એ.૦૦૦૮, કિંમત રૂ. ૧,૦૦,૦૦૦/– તથા એક હીરો હોન્ડા કંપનીની પેશન પ્રો મો.સા. નં. જી.જે.૨૦.એ.એલ. ૨૧૫૯, કિમંત રૂા. ૧૦,૦૦૦/– તથા એક હીરો હોન્ડા કંપનીની મો.સા. નં. જી.જે.૨૦.એ.ઈ. ૩૮૪૫, કિંમત રૂ.૧૦,૦૦૦/– તથા એક હીરો હોન્ડા કંપનીનુ એકટીવા નં. જી.જે.૨૦.બી.ઈ. ૨૪૩૮, કિંમત રૂ.૧૦,૦૦૦/– તપાસના કામે કબજે લીધેલ તથા ત્યાં હાજર ઈસમોને ભાગી જનાર ઈસમો વિશે પુછતા તેઓએ ભાગી જનાર ઈસમોના નામ જણાવેલ તેમાં નં. (૧) મહેન્દ્રકુમાર માંગીલાલ જૈન, રહે. દેવગઢ બારીઆ, (૨) સુરેશભાઈ લાભુપુરી ગોસ્વામી, રહે. દેવગઢ બારીઆ, (૩) વિપુલકુમાર મહેન્દ્રલાલ જૈન, રહે. દેવગઢ બારીઆ, (૪) વીકી મહેન્દ્રકુમાર જૈન, રહે. દેવગઢ બારીઆ ના હોવાનુ જણાવેલ તથા બનાવના સ્થળેથી મકાન માલીક પાસેથી મકાનનુ લાઈટબીલ, કિંમત રૂ.૦૦/– ગણી તેને તપાસના કામે કબજે લીધેલ. ત્યારબાદ સદર બાબતનુ પંચનામુ અમારી સાથેના પો.સ.ઈ. શ્રી સી.આર. દેસાઈનાઓએ પંચોની હાજરીમાં કરેલુ અને ત્યારબાદ અમોએ આરોપીઓ વિરુઘ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલી. જે અસલ ફરીયાદ મને બતાવવામાં આવે છે તેમાં ફરીયાદી તરીકે મારી સહી છે.

વધુમાં આ કામના ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં સદર ફરિયાદી જણાવે છે કે અમો બનાવના દિવસ પેટ્રોલીગમાં રાત્રીના ૨૩:૦૦ની આસપાસ પો.સ્ટે.થી નીકળેલા.

પંચસાહેદોને પી.એસ.આઈ. શ્રી સી.આર.દેસાઈનાઓએ પો.સ્ટે. માં બોલાવેલા. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં પંચના માણસો પો.સ્ટે. માં કેટલા વાગે આવેલા તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે પી.એસ.આઈ. શ્રી નાઓએ જુગાર ધારા કલમ – ૬ મુજબનુ વોરંટ બનાવના દિવસે કેટલા વાગે મેળવેલુ તે મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે જુગાર ધારા કલમ – ૬ મુજબના વોરંટમાં ફતેલાલ માંગીલાલ જૈનનાઓની સહી લીધેલ નહી. એ વાત ખરી છે કે બનાવ સમયે જે નોટો સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલી તે ચલણી નોટો કયા કયા દરની હતી તે હુ હાલ કહી શકુ નહી. એ વાત ખરી છે કે સ્થળ ઉપરથી આરોપીઓ પાસેથી કબજે લીધેલ મોબાઈલ ફોનના અંદર કયા નંબરનુ સીમ હતુ તે હુ હાલ કહી શકુ નહી. એ વાત ખરી છે કે બનાવવાળા કોમ્પલેક્ષમાં દુકાનો તથા રહેણાંકના મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે બનાવ સમયે આરોપીઓ પૈકી કયા આરોપી પાસેથી કેટલા ગંજી પાના કબજે કરેલા તે મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે કોઈ પણ વ્યકિત પાસેથી ચલણી નોટો મળી શકે છે. એ વાત ખરી છે કે સંચાગલી વિસ્તારમાં દુકાનો તથા મકાનો આવેલા છે અને ત્યાં રહેતા રહીશોના વાહનો પણ તેમના ઘર આગળ મુકેલા હોય છે. એ વાત ખરી નથી કે આરોપીઓ આવો કોઈ પણ પ્રકારનો જુગાર રમતા ન હોય તથા તેઓની પાસેથી ગંજીપાના પકડાયેલ ન હોવા છતાં મારી ફરીયાદને સમર્થન આપવા આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**7.3.** સદર કામે ફરિયાદ પક્ષે સાહેદ સુભાષભાઇ ધુળાભાઇનાઓને આંક–૪૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે ગઈ તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજ હુ તથા એ.એસ.આઇ. મુકેશભાઇ ઉદેસીંગ, અ.હે.કો. રણજીતભાઈ ફતેભાઈ, અ.હે.કો. રાકેશભાઈ થાવરાભાઈ, પો.કો. પ્રકાશભાઈ વજેસીંગભાઈ, અ.પો.કો. પ્રવિણભાઈ ગોવિંદભાઈ એ રીતેના દે.બારીયા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન અમોને અંગદ બાતમીદાર ધ્વારા બાતમી મળેલ કે દે.બારીઆ સંચાગલી ખાતે આવેલ કોમ્લેક્ષમાં રહેતા ફતેલાલ માં

ગીલાલ જૈન તથા કેટલાક ઈસમો બોલાવીને મકાનમાં ગંજી પત્તા પાના વડે પૈસાના હારજીતનો જુગાર રમી રામાડે છે. જે બાતમીના આધારે સાથેના પી.એસ.આઈ. શ્રી સી.આર. દેસાઈ નાઓએ મદદનીશ પોલીસ અધિક્ષકશ્રીની કચેરી લીમખેડા તરફથી જુગાર ધારા કલમ – ૬ મુજબનુ વોરંટ મેળવી તથા બે પંચ માણસો જેમાં (૧) મનીષકુમાર હરીભાઈ નીનામા, રહે. રાણીવાવ (૨) હીતેશભાઈ દિલીપભાઈ નાયક, રહે. મોટીખજુરી નાઓને હકીકતથી વાકેફ કરી વોરંટ ઉપર પંચોની સહી મેળવી પોલીસ સ્ટાફના માણસો તથા પંચોની અરસ પરસ જડતી કરી દે.બારીઆ પો.સ્ટે. થી સેકન્ડ મોબાઈલ વેનની જડતી કરી તેમાં અમો ઉપરોકત પોલીસના માણસો તથા પંચ માણસો તથા પી.એસ.આઈ. શ્રી સી.આર.દેસાઈ નાઓ બાતમીવાળા ઈસમના ઘરે જવા નીકળેલા અને બાતમીવાળી જગ્યાએ જતાં અમારા વાહનને સાઈડમાં રાખી કોમ્પ્લેક્ષમાં પગથીયા વાટે ઉપર જતા ત્રીજા માળે ડાબી બાજુ દક્ષિણ દિશામાં દરવાજાવાળો રૂમ આવેલ હોય જે રૂમનો દરવાજો બંધ હોય અને અંદર લાઈટ ચાલુ હોય જે દરવાજાથી અવાજ સાંભળતાં અંદર માણસોના ગણગણાટનો અવાજ આવતો જણાતા દરવાજો ખખડાવી તેને ખોલી પ્રવેશ કરતાં લાઈટના અજવાળે કેટલાક ઈસમો ગોળ કુંડાળુ વાળી તેઓના હાથમાં પત્તા પાના તથા તેઓની વચ્ચે ભારતીય બનાવટની ચલણી નોટો મુકેલ હોય તેઓને જે તે સ્થીતિમાં બેસી રહેવા જણાવેલ અને સદર મકાન માલીકનુ નામ ઠામ પુછતાં એક ઈસમે પોતાનુ નામ ફતેલાલ માંગીલાલ જૈન હોવાનુ પંચોની હાજરીમાં જણાવેલ તથા સદર મકાન તેની માલીકીનુ છે તેવુ જણાવેલુ. સદર ઈસમને મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી લીમખેડા નાઓ ધ્વારા જારી કરવામાં આવેલ જુગાર ધારા કલમ : ૬ મુજબનુ જડતી વોરંટ બજાવી ગુજરાતી ભાષામાં સમજાવી મજકુર ઈસમની વોરંટ ઉપર સહી મેળવી તથા તેઓએ ત્યાં બેઠેલ ઈસમોને જુગાર રમવા સારૂ બોલાવેલ હોય તેવુ જણાવતા હોય જેથી પંચો રૂબરૂ ઈસમોએ પોતાના નામ નીચે મુજબ જણાવેલ . જેમાં (૧) ફતેલાલ માંગીલાલ જૈન, ઉ.વ. ૪૬, રહે. દેવગઢ બારીઆ, સંચાગલી અને તેની અંગ જડતી કરતાં

ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૮,૦૦૦/– તથા એક મોબાઈલ ફોન કિંમત રૂા.૧૦,૦૦૦/– જે તપાસના કામે કબજે લીધેલ. (૨) પ્રમોદકુમાર માંગીલાલ જૈન, ઉ.વ. ૪૨, રહે. દેવગઢ બારીઆ, સંચાગલી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૭,૫૦૦/– તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/– જે તપાસના કામે કબજે લીધેલ. (૩) અનીલકુમાર સુરેશભાઈ નાથાણી, ઉ.વ. ૨૭, રહે. દેવગઢ બારીઆ , કુંજબીહારી સોસાયટી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ.૧૧,૩૦૦/– તથા એક મોબાઈલ ફોન કિંમત રૂા.૫૦,૦૦૦/– જે તપાસના કામે કબજે લીધેલ. (૪) શીવગીરી નંદગીરી ગોસ્વામી, ઉ.વ. ૪૫, રહે. દેવગઢ બારીઆ, ગુરુકૃપા સોસાયટી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૮,૮૦૦/– તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/– જે તપાસના કામે કબજે લીધેલ. (૫) અશોકભાઈ શંકરભાઈ ભારતી , ઉ.વ. ૨૭, રહે. દેવગઢ બારીઆ, સુથારવાડા, પટેલ ડેરીની બાજુમાં અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૯,૬૦૦/– તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/– જે તપાસના કામે કબજે લીધેલ.(૬) મીરલ સંદિપકુમાર શાહ, ઉ.વ. ૨૬, રહે. દેવગઢ બારીઆ, ટાવર શેરી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૯,૮૦૦/– તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/– જે તપાસના કામે કબજે લીધેલ. (૭) દિનેશકુમાર શંભુગીરી ગોસ્વામી , ઉ.વ. ૪૦, રહે. દેવગઢ બારીઆ, કુંજબીહારી સોસચટી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૮,૩૦૦/–જે તપાસના કામે કબજે લીધેલ. (૮) જયંતિલાલ

ભીખચંદ અગ્રવાલ ઉ.વ. ૬૩, રહે. પીપલોદ, દાહોદ રોડ અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ.૧૦,૯૦૦/- જે તપાસના કામે કબજે લીધેલ. ઉપરોકત તમામ આરોપીઓ ગોળ કુંડાળુ વળી રમતા હતા તેઓની વચ્ચેથી છુટી છવાઈ અલગ અલગ દરની ભારતીય બનાવટની ચલણી નોટો કુલ કિંમત રૂ. ૨૭, ૫૦૦/- તથા ગંજીપાના ૧૦૪ કિંમત રૂ.૦૦/- ને તપાસના કામે કબજે લેવામાં આવેલ તથા સદર કોમ્પ્લેક્ષના નીચે એક મારૂતી સુઝુકી કંપનીની બલેનો ગાડી નં. જી.જે.૨૦.એ.કયુ. ૭૫૮૨ , કિંમત રૂા.૫,૦૦,૦૦૦/- તથા એક જાવા મો.સા. નં. જી.જે.૨૦.બી.એ.૦૦૦૮, કિંમત રૂ. ૧,૦૦,૦૦૦/- તથા એક હીરો હોન્ડા કંપનીની પેશન પ્રો મો.સા. નં. જી.જે.૨૦.એ.એલ. ૨૧૫૯, કિમંત રૂા. ૧૦,૦૦૦/- તથા એક હીરો હોન્ડા કંપનીની મો.સા. નં. જી.જે.૨૦.એ.ઈ. ૩૮૪૫, કિંમત રૂ.૧૦,૦૦૦/- તથા એક હીરો હોન્ડા કંપનીનુ એકટીવા નં. જી.જે.૨૦.બી.ઈ. ૨૪૩૮, કિંમત રૂ.૧૦,૦૦૦/- તપાસના કામે કબજે લીધેલ તથા ત્યાં હાજર ઈસમોને ભાગી જનાર ઈસમો વિશે પુછતા તેઓએ ભાગી જનાર ઈસમોના નામ જણાવેલ તેમાં નં. (૧) મહેન્દ્રકુમાર માંગીલાલ જૈન, રહે. દે.બારીઆ, (૨) સુરેશભાઈ લાભુપુરી ગોસ્વામી, રહે. દે.બારીયા (૩) વિપુલકુમાર મહેન્દ્રલાલ જૈન, રહે. દે.બારીઆ, (૪) વીકી મહેન્દ્રકુમાર જૈન, રહે. દે.બારીઆ ના હોવાનુ જણાવેલ તથા બનાવના સ્થળેથી મકાન માલીક પાસેથી મકાનનુ લાઈટબીલ, કિમંત રૂા.૦૦/- ગણી તેને તપાસના કામે કબજે લીધેલ. ત્યારબાદ સદર બાબતનુ પંચનામુ અમારી સાથેના પો.સ.ઈ. શ્રી સી.આર. દેસાઈ નાઓએ પંચોની હાજરીમાં કરેલુ અને ત્યારબાદ અમારી સાથેના એ.એસ.આઈ. શ્રી મુકેશભાઈ ઉદેસીંગનાઓએ આરોપીઓ વિરુધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલી. ત.ક.અ.એ મારો જવાબ લીધેલો. આરોપીઓ પૈકી આરોપી નં. ૫ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે જેને હું ઓળખી બતાવુ છુ. બાકીના આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર નથી, હાજર હોય તો ઓળખી શકુ.

વધુમાં આ કામના સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં સદર સાહેદ જણાવે છે કે અમો બનાવના દિવસે પેટ્રોલીંગમાં રાત્રીના ૨૩:૦૦ ની આસપાસ પો.સ્ટે. થી નીકળેલા. પંચ સાહેદોને પી.એસ.આઈ. શ્રી સી.આર.દેસાઈ નાઓએ પો.સ્ટે. માં બોલાવેલા. એ વાત ખરી છે કે ફરિયાદીની ફરીયાદમાં પંચના માણસો પો.સ્ટે. માં કેટલા વાગે આવેલા તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે પી.એસ.આઈ. શ્રી નાઓએ જુગાર ધારા કલમ – ૬ મુજબનુ વોરંટ બનાવના દિવસે કેટલા વાગે મેળવેલુ તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે જુગાર ધારા કલમ – ૬ મુજબના વોરંટમાં ફતેલાલ માંગીલાલ જૈન નાઓની સહી લીધેલ નહી. એ વાત ખરી છે કે બનાવ સમયે જે નોટો સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલી તે ચલણી નોટો કયા કયા દરની હતી તે હુ હાલ કહી શકુ નહી. એ વાત ખરી છે કે સ્થળ ઉપરથી આરોપીઓ પાસેથી કબજે લીધેલ મોબાઈલ ફોનના અંદર કયા નં બરનુ સીમ હતુ તે હુ હાલ કહી શકુ નહી. એ વાત ખરી છે કે બનાવવાળા કોમ્પલેક્ષમાં દુકાનો તથા રહેણાંકના મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે બનાવ સમયે આરોપીઓ પૈકી કયા આરોપી પાસેથી કેટલા ગંજી પાના કબજે કરેલા તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે કોઈ પણ વ્યકિત પાસેથી ચલણી નોટો મળી શકે છે. એ વાત ખરી છે કે સંચાગલી વિસ્તારમાં દુકાનો તથા મકાનો આવેલા છે અને ત્યાં રહેતા રહીશોના વાહનો પણ તેમના ઘર આગળ મુકેલા હોય છે. એ વાત ખરી નથી કે આરોપીઓ આવો કોઈ પણ પ્રકારનો જુગાર રમતા ન હોય તથા તેઓની પાસેથી ગંજીપાના પકડાયેલ ન હોવા છતાં ફરિયાદીને ફરીયાદને સમર્થન આપવા આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**7.4.** સદર કામે ફરિયાદ પક્ષે સાહેદ રાકેશભાઇ થાવરાભાઇનાઓને આંક–૪૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે ગઈ તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ હુ તથા એ.એસ.આઇ. મુકેશભાઇ ઉદેસીંગ, અ.હે.કો. રણજીતભાઈ ફતેભાઈ, અ.હે.કો. સુભાષભાઇ ધુળાભાઇ, પો.કો. પ્ર કાશભાઈ વજેસીંગભાઈ, અ.પો.કો. પ્રવિણભાઈ ગોવિંદભાઈ એ રીતેના દે.બારીયા

ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન અમોને અંગદ બાતમીદાર ધ્વારા બાતમી મળેલ કે દે.બારીઆ સંચાગલી ખાતે  આવેલ કોમ્લેક્ષમાં રહેતા ફતેલાલ માંગીલાલ જૈન તથા કેટલાક ઈસમો બોલાવીને મકાનમાં ગંજી પત્તા પાના વડે પૈસાના હારજીતનો જુગાર રમી રામાડે છે. જે બાતમીના આધારે સાથેના પી.એસ.આઈ. શ્રી સી.આર. દેસાઈ નાઓએ મદદનીશ  પોલીસ અધિક્ષકશ્રીની કચેરી લીમખેડા તરફથી જુગાર ધારા કલમ – ૬ મુજબનુ વોરંટ મેળવી તથા બે પંચ માણસો જેમાં (૧) મનીષકુમાર હરીભાઈ નીનામા, રહે. રાણીવાવ  (૨) હીતેશભાઈ દિલીપભાઈ નાયક, રહે. મોટીખજુરી નાઓને હકીકતથી વાકેફ કરી વોરંટ ઉપર પંચોની સહી મેળવી પોલીસ સ્ટાફના માણસો તથા પંચોની અરસ પરસ જડતી કરી દે.બારીઆ પો.સ્ટે. થી સેકન્ડ મોબાઈલ વેનની જડતી કરી તેમાં અમો ઉપરોકત પોલીસના માણસો તથા પંચ માણસો તથા પી.એસ.આઈ. શ્રી સી.આર.દેસાઈ નાઓ બાતમીવાળા ઈસમના ઘરે જવા નીકળેલા અને બાતમીવાળી જગ્યાએ જતાં અમારા વાહનને સાઈડમાં રાખી કોમ્પ્લેક્ષમાં પગથીયા વાટે ઉપર જતા ત્રીજા માળે ડાબી બાજુ દક્ષિણ દિશામાં દરવાજાવાળો રૂમ આવેલ હોય જે રૂમનો દરવાજો બંધ હોય અને અંદર લાઈટ ચાલુ હોય જે દરવાજાથી અવાજ સાંભળતાં અંદર માણસોના ગણગણાટનો અવાજ આવતો જણાતા દરવાજો ખખડાવી તેને ખોલી પ્રવેશ કરતાં લાઈટના અજવાળે કેટલાક ઈસમો ગોળ કુંડાળુ વાળી તેઓના હાથમાં પત્તા પાના તથા તેઓની વચ્ચે ભારતીય બનાવટની ચલણી નોટો મુકેલ હોય તેઓને જે તે સ્થીતિમાં બેસી રહેવા જણાવેલ અને સદર મકાન માલીકનુ નામ ઠામ પુછતાં એક ઈસમે પોતાનુ નામ ફતેલાલ માંગીલાલ જૈન હોવાનુ પંચોની હાજરીમાં જણાવેલ તથા સદર મકાન તેની માલીકીનુ છે તેવુ જણાવેલુ. સદર ઈસમને મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી લીમખેડા નાઓ ધ્વારા જારી કરવામાં આવેલ જુગાર ધારા કલમ : ૬ મુજબનુ જડતી વોરંટ બજાવી ગુજરાતી ભાષામાં સમજાવી મજકુર ઈસમની વોરંટ ઉપર સહી મેળવી તથા તેઓએ ત્યાં બેઠેલ ઈસમોને જુગાર રમવા સારૂ બોલાવેલ હોય તેવુ જણાવતા હોય જેથી પંચો

રૂબરૂ ઈસમોએ પોતાના નામ નીચે મુજબ જણાવેલ. જેમાં (૧) ફતેલાલ માંગીલાલ જૈન, ઉ.વ. ૪૬, રહે. દેવગઢ બારીઆ , સંચાગલી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૮,૦૦૦/- તથા એક મોબાઈલ ફોન કિંમત રૂા.૧૦,૦૦૦/- જે તપાસના કામે કબજે લીધેલ. (૨) પ્રમોદકુમાર માંગીલાલ જૈન, ઉ.વ. ૪૨, રહે. દેવગઢ બારીઆ, સંચાગલી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૭,૫૦૦/- તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/- જે તપાસના કામે કબજે લીધેલ. (૩) અનીલકુમાર સુરેશભાઈ નાથાણી, ઉ.વ. ૨૭, રહે. દેવગઢ બારીઆ , કુંજબીહારી સોસાયટી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ.૧૧,૩૦૦/- તથા એક મોબાઈલ ફોન કિંમત રૂા.૫૦,૦૦૦/- જે તપાસના કામે કબજે લીધેલ. (૪) શીવગીરી નંદગીરી ગોસ્વામી, ઉ.વ. ૪૫, રહે. દેવગઢ બારીઆ, ગુરુકૃપા સોસાયટી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૮,૮૦૦/- તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/- જે તપાસના કામે કબજે લીધેલ. (૫) અશોકભાઈ શંકરભાઈ ભારતી , ઉ.વ. ૨૭, રહે. દેવગઢ બારીઆ, સુથારવાડા, પટેલ ડેરીની બાજુમાં અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૯,૬૦૦/- તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/- જે તપાસના કામે કબજે લીધેલ.(૬) મીરલ સંદિપકુમાર શાહ, ઉ.વ. ૨૬, રહે. દેવગઢ બારીઆ, ટાવર શેરી અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૯,૮૦૦/- તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/- જે તપાસના કામે કબજે લીધેલ. (૭) દિનેશકુમાર શંભુગીરી ગોસ્વામી , ઉ.વ. ૪૦, રહે. દેવગઢ બારીઆ, કુંજબીહારી સોસચટી અને તેની અંગ

જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ. ૮,૩૦૦/-જે તપાસના કામે કબજે લીધેલ. (૮) જયંતિલાલ ભીખચંદ અગ્રવાલ ઉ.વ. ૬૩, રહે. પીપલોદ, દાહોદ રોડ અને તેની અંગ જડતી કરતાં ભારતીય બનાવટની ચલણી નોટો અલગ અલગ દરની મળી આવેલ જેની કુલ કિંમત રૂ.૧૦,૯૦૦/- જે તપાસના કામે કબજે લીધેલ. ઉપરોકત તમામ આરોપીઓ ગોળ કુંડાળુ વળી રમતા હતા તેઓની વચ્ચેથી છુટી છવાઈ અલગ અલગ દરની ભારતીય બનાવટની ચલણી નોટો કુલ કિંમત રૂ. ૨૭, ૫૦૦/- તથા ગંજીપાના ૧૦૪ કિંમત રૂ.૦૦/- ને તપાસના કામે કબજે લેવામાં આવેલ તથા સદર કોમ્પ્લેક્ષના નીચે એક મારૂતી સુઝુકી કંપનીની બલેનો ગાડી નં. જી.જે.૨૦.એ.કયુ. ૭૫૮૨ , કિંમત રૂા.૫,૦૦,૦૦૦/- તથા એક જાવા મો.સા. નં. જી.જે.૨૦.બી.એ.૦૦૦૮, કિંમત રૂ. ૧,૦૦,૦૦૦/- તથા એક હીરો હોન્ડા કંપનીની પેશન પ્રો મો.સા. નં. જી.જે.૨૦.એ.એલ. ૨૧૫૯, કિમંત રૂા. ૧૦,૦૦૦/- તથા એક હીરો હોન્ડા કંપનીની મો.સા. નં. જી.જે.૨૦.એ.ઈ. ૩૮૪૫, કિંમત રૂ.૧૦,૦૦૦/- તથા એક હીરો હોન્ડા કંપનીનુ એકટીવા નં. જી.જે.૨૦.બી.ઈ. ૨૪૩૮, કિંમત રૂ.૧૦,૦૦૦/- તપાસના કામે કબજે લીધેલ તથા ત્યાં હાજર ઈસમોને ભાગી જનાર ઈસમો વિશે પુછતા તેઓએ ભાગી જનાર ઈસમોના નામ જણાવેલ તેમાં નં. (૧) મહેન્દ્રકુમાર માંગીલાલ જૈન, રહે. દે.બારીઆ, (૨) સુરેશભાઈ લાભુપુરી ગોસ્વામી, રહે. દે.બારીયા (૩) વિપુલકુમાર મહેન્દ્રલાલ જૈન, રહે. દે.બારીઆ, (૪) વીકી મહેન્દ્રકુમાર જૈન, રહે. દે.બારીઆ ના હોવાનુ જણાવેલ તથા બનાવના સ્થળેથી મકાન માલીક પાસેથી મકાનનુ લાઈટબીલ, કિમંત રૂા.૦૦/- ગણી તેને તપાસના કામે કબજે લીધેલ. ત્યારબાદ સદર બાબતનુ પંચનામુ અમારી સાથેના પો.સ.ઈ. શ્રી સી.આર. દેસાઈ નાઓએ પંચોની હાજરીમાં કરેલુ અને ત્યારબાદ અમારી સાથેના એ.એસ.આઈ. શ્રી મુકેશભાઈ ઉદેસીંગનાઓએ આરોપીઓ વિરુધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલી. ત.ક.અ.એ મારો જવાબ લીધેલો. આરોપીઓ પૈકી આરોપી નં. ૫ આજરોજ નામદાર

કોર્ટમાં હાજર છે જેને હું ઓળખી બતાવુ છુ. બાકીના આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર નથી, હાજર હોય તો ઓળખી શકુ.

વધુમાં આ કામના સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં સદર સાહેદ જણાવે છે કે અમો બનાવના દિવસે પેટ્રોલીંગમાં રાત્રીના ૨૩:૦૦ ની આસપાસ પો.સ્ટે. થી નીકળેલા. પંચ સાહેદોને પી.એસ.આઈ. શ્રી સી.આર.દેસાઈ નાઓએ પો.સ્ટે. માં બોલાવેલા. એ વાત ખરી છે કે **ફરિયાદીની** ફરીયાદમાં પંચના માણસો પો.સ્ટે. માં કેટલા વાગે આવેલા તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે પી.એસ.આઈ. શ્રી નાઓએ જુગાર ધારા કલમ – ૬ મુજબનુ વોરંટ બનાવના દિવસે કેટલા વાગે મેળવેલુ તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે જુગાર ધારા કલમ – ૬ મુજબના વોરંટમાં ફતેલાલ માંગીલાલ જૈન નાઓની સહી લીધેલ નહી. એ વાત ખરી છે કે બનાવ સમયે જે નોટો સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલી તે ચલણી નોટો કયા કયા દરની હતી તે હુ હાલ કહી શકુ નહી. એ વાત ખરી છે કે સ્થળ ઉપરથી આરોપીઓ પાસેથી કબજે લીધેલ મોબાઈલ ફોનના અંદર કયા નં બરનુ સીમ હતુ તે હુ હાલ કહી શકુ નહી. એ વાત ખરી છે કે બનાવવાળા કોમ્પલેક્ષમાં દુકાનો તથા રહેણાંકના મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે બનાવ સમયે આરોપીઓ પૈકી કયા આરોપી પાસેથી કેટલા ગંજી પાના કબજે કરેલા તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે કોઈ પણ વ્યકિત પાસેથી ચલણી નોટો મળી શકે છે. એ વાત ખરી છે કે સંચાગલી વિસ્તારમાં દુકાનો તથા મકાનો આવેલા છે અને ત્યાં રહેતા રહીશોના વાહનો પણ તેમના ઘર આગળ મુકેલા હોય છે. એ વાત ખરી નથી કે આરોપીઓ આવો કોઈ પણ પ્રકારનો જુગાર રમતા ન હોય તથા તેઓની પાસેથી ગંજીપાના પકડાયેલ ન હોવા છતાં ફરિયાદીની ફરીયાદને સમર્થન આપવા આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**7.5.** સદર કામે ફરિયાદ પક્ષે સાહેદ પ્રકાશભાઇ વરસીંગભાઇ સંગાડાનાઓને આંક–૫૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે ગઈ તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ હુ તથા એ.એસ.આઈ. મુકેશભાઈ

